ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૬.૧૧.૨૦૧૭

---

## તારીખ ૦૭ થી ૧૨ નવેમ્બર ભાજપાનું "ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન"

---

## પ્રધાનમંત્રીશ્રીનો સંદેશ જન-જન સુધી પહોચાડાશે

---

## ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ સવારે ૯.૦૦ કલાકે નારણપુરાથી "ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન" નો શુભારંભ કરાવશે.

---

## રાષ્ટ્રીય નેતાઓ અને પ્રદેશના નેતાઓ ઘરે-ઘરે જઇ કરશે સંપર્ક

---

## ભાજપાના સુશાસનની સિધ્ધિઓ પ્રજા વચ્ચે લઇ જશે

---

ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રવક્તાશ્રી આઇ.કે.જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાત ભાજપા વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં જન-જન સુધી ભાજપાના સુશાસનની સિધ્ધિઓ પહોચાડવા તારીખ ૦૭ નવેમ્બરથી ૧૨ નવેમ્બર દરમ્યાન "**ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન**" યોજશે. આ અભિયાનનો શુભારંભ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ અમદાવાદમાં સવારે ૯.૦૦ કલાકે નારણપુરા વિસ્તારમાંથી કરાવશે.

ભાજપા ગુજરાત પ્રદેશ તરફથી ગુજરાતની વિકાસપ્રેમી જનતા જનાર્દન સુધી સમાજની સેવામાં કરેલા વિકાસ કાર્યોની વાત ગુજરાત ગૌરવ યાત્રા, ગુજરાત ગૌરવ મહાસંમેલન, ગુજરાત ગૌરવ સ્નેહ મિલન કાર્યક્રમ થકી પહોચાડી છે. ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન અંતર્ગત રાજ્યના ઘર-ઘર સુધી ભાજપા પહોચીને જનતાનું અભિવાદન અને આશિર્વાદ પ્રાપ્ત કરશે.

ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન દરમ્યાન ગુજરાતના ગૌરવ , ગુજરાત અને દેશનું નામ, સમગ્ર વિશ્વમાં રોશન કરનાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો જનતા-જનાર્દનને ઉદ્દેશીને કરાયેલ સંદેશ પહોચાડવામાં આવશે.

શ્રી આઇ.કે.જાડેજાએ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની વધુ વિગતો આપતા જણાવ્યું હતુ કે, ભાજપાના "**ઘર-ઘર ચલો અભિયાન**" ના રાજ્ય વ્યાપી કાર્યક્રમમાં ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ અને પ્રદેશના નેતાઓ સમગ્ર રાજ્યમાં જુદા-જુદા જીલ્લાઓમાં જોડાશે અને જનતાનું અભિવાદન – વંદન કરી વિજયી ભવના આશિર્વાદ મેળવશે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



| નામ | તારીખ | જીલ્લો |
|---|---|---|
| શ્રી નરેન્દ્રસિંહજી તોમર | ૭ નવેમ્બર | દાહોદ |
| શ્રી જીતેન્દ્રસિંહજી | ૭ નવેમ્બર | ભરૂચ |
| શ્રી પી.પી.ચૌધરી | ૭ થી ૧૨ નવેમ્બર | મહેસાણા |
| શ્રી પરસોત્તમભાઇ રૂપાલા | ૭ થી ૯ નવેમ્બર | બોટાદ) સૌરાષ્ટ્ર( |
| શ્રી જસવંતસિંહ ભાભોર | ૭ થી ૧૨ નવેમ્બર | છોટા ઉદેપુર |
| શ્રી હરિભાઇ ચૌધરી | ૭ નવેમ્બર | બનાસકાંઠા |
| શ્રી મનસુખભાઇ માંડવીયા | ૭ થી ૧૨ નવેમ્બર | સૌરાષ્ટ્ર |
| શ્રી તરૂણજી ચુગ | ૭ થી ૯ નવેમ્બર | દાહોદ |
| શ્રી ધર્મેન્દ્ર પ્રધાન | ૮ નવેમ્બર | સુરત |
| શ્રી મનોજ તિવારી | ૮ નવેમ્બર | ખેડા-નડીયાદ |
| શ્રી મનોજ સિન્હા | ૯ નવેમ્બર | પાટણ |
| શ્રી હંસરાજ આહિર | ૯ નવેમ્બર | જુનાગઢ |
| શ્રી અર્જુન મેઘવાલ | ૧૦ નવેમ્બર | મહેસાણા |
| શ્રીમતી નિર્મલા સીતારમન | ૧૧ નવેમ્બર | વડોદરા |
| શ્રીમતી સ્મૃતિબેન ઇરાની | ૧૧ નવેમ્બર | નવસારી |
| શ્રી પ્રકાશ જાવડેકર | ૧૧ નવેમ્બર | રાજકોટ |
| શ્રી જે.પી .નડ્ડા | ૧૧ ,૧૨ નવેમ્બર | ગાંધીનગર ,અમદાવાદ |
| શ્રી વી.કે .સીંગ | ૧૨ નવેમ્બર | ભૂજ |
| શ્રી થાવરચંદ ગેહલોત | ૧૨ નવેમ્બર | સાબરકાંઠા |

શ્રી જાડેજાએ વધુમાં જણાવ્યું હતુ કે, તારીખ ૦૭ નવેમ્બરના રોજ પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ-અમદાવાદ, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી રાજકોટ મુકામે, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ - મહેસાણા, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી - ભાવનગર, પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ - ઘાટલોડીયા સહિત ધારાસભ્યશ્રીઓ, સાંસદસભ્યશ્રીઓ, પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, પ્રદેશના આગેવાનશ્રીઓ, રાજ્ય મંત્રીમંડલના સભ્યશ્રીઓ, ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જુદા-જુદા સ્થળોએ ઉપસ્થિત રહીને ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો શુભારંભ કરાવશે.

શ્રી જાડેજાએ અંતમાં જણાવ્યું હતુ કે, ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન એ ગુજરાતના ગૌરવને જન-જનમાં વધુ બળવત્તર કરવાનો, ભાજપાનો વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ માટેનો ચતુર્થ કાર્યક્રમ બની રહેશે. ભાજપાની '**મહાવિજય યાત્રા**' અને '**મહાવિજય સંકલ્પ**' ને પૂર્ણ કરનાર બની રહેશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીશ્રીઓ, શ્રી રવિશંકર પ્રસાદ, શ્રી રામવિલાસ પાસવાન, શ્રી પુનમ મહાજન, શ્રી કિરણ ખેર સહિતના આગેવાનો તબક્કાવાર ગુજરાત આવશે અને સંપર્ક અભિયાનમાં જોડાશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૬.૧૧.૨૦૧૭

-----------------

**ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ તારીખ ૭ નવેમ્બરના રોજ રાજકોટ, સુરત મહાનગર, રાજકોટ જિલ્લાના શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જોને માર્ગદર્શન આપશે**

-----------------

**૨૦ વિધાનસભા બેઠકોના કાર્યકરો સાથે સીધો સંવાદ કરશે**

-----------------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ તારીખ ૭ નવેમ્બરના રોજ બે મહાનગરો રાજકોટ, સુરત અને રાજકોટ જીલ્લાના શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જો અને પાર્ટીના અગ્રણી કાર્યકરોને વિધાનસભાની ચૂંટણીમાં વિજય મેળવવા માર્ગદર્શન કરે.

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસારે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહના તારીખ ૭ નવેમ્બરના સંગઠનાત્મક પ્રવાસ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ સવારે ૯.૦૦ કલાકે ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો અમદાવાદના નારણપુરા ક્ષેત્ર ખાતે પ્રારંભ કરાવી બપોરે ૨.૦૦ કલાકે રાજકોટ પહોંચી હેમુગઢવી હોલ, ટાગોરપાર્ક, રાજકોટ ખાતે પત્રકાર પરીષદ યોજશે. તેઓશ્રી ૨.૩૦ કલાકે રાજકોટ શહેર જીલ્લાના શક્તિકેન્દ્ર ઇન્ચાર્જો અને ભાજપાના વરિષ્ઠ કાર્યકરો સાથે બે તબક્કામાં હેમુગઢવી હોલ ખાતે બેઠકો યોજી માર્ગદર્શન આપશે.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ રાજકોટથી સુરત જશે. સુરત ખાતે સંજીવકુમાર ઓડીટોરીયમ હોલ, રાજહંસ સિનેમા પાછળ, અડાજણ પાર્ક, સુરત ખાતે બે તબક્કામાં યોજાયેલી શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જો અને ભાજપાના આગેવાનોની બેઠકોમાં સાંજે ૭.૦૦ કલાકે પહોંચી માર્ગદર્શન આપશે.

શ્રી અમિત શાહ તારીખ ૭ નવેમ્બરના રોજ સંગઠનાત્મક પ્રવાસમાં બે મહાનગરો સુરત, રાજકોટ અને રાજકોટ જીલ્લાની ૨૦ વિધાનસભા બેઠકોને આવરી લેશે અને કાર્યકરો સાથે સીધો સંવાદ કરશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૬.૧૧.૨૦૧૭

-----------------

**પાયાવિહીન આક્ષેપોથી કારડીયા રાજપુત સમાજ ગેરમાર્ગે ન દોરાય તેવી વિનંતી.**
**– શ્રી આઇ.કે.જાડેજા**

-----------------

**અંગત સ્વાર્થ ખાતર શ્રી જીતુભાઇ વાઘાણી સામે કાદવ ઉછાળવાનું બંધ કરવામાં આવે**
**– શ્રી આઇ.કે.જાડેજા**

-----------------

**ગૌચરની જમીન સાથે શ્રી જીતુભાઇને જોડી કરવામાં આવતું ષડ્યંત્ર-કારડીયા રાજપુત સમાજને સત્ય જાણવા અપીલ – શ્રી આઇ.કે.જાડેજા**

-----------------

**શ્રી જીતુભાઇ વાઘાણી અને સરકારનું મન બધા જ મુદ્દાઓ માટે અને સત્ય માટે ખુલ્લું છે**
**– શ્રી આઇ.કે.જાડેજા**

-----------------

ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ અને પ્રવક્તાશ્રી આઇ.કે.જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટી ‘‘સૌનો સાથ, સૌનો વિકાસ’’ મંત્ર સાથે રાજ્ય અને રાષ્ટ્રમાં કાર્યરત છે ત્યારે રાજકિય બદઇરાદા સાથે ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી સામે જે પાયાવિહીન આક્ષેપો કરવામાં આવે છે તેનાથી કારડીયા રાજપુત સમાજ ગેરમાર્ગે ન દોરાય તેવી વિનંતી.

તેઓશ્રીએ આ અંગે વિગતોમાં જણાવ્યું છે કે કારડીયા રાજપુત સમાજના ગુજરાતના પ્રમુખ અને રાજ્ય સરકારના મંત્રી શ્રી જશાભાઇ બારડે સમાજમાં આ અંગે સાચી હકીકતો સમજી જાણી અને તપાસીને રજુ કરી છે, ત્યારે સતત આ મુદ્દાને વધુને વધુ રાજકિય હેતુથી ચગાવવાનો પ્રયાસ કરાઇ રહ્યો છે તે દુ:ખદ છે.

તેઓશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, બુંધેલ ગામના શ્રી વિજયભાઇ ગવાભાઇ મોરીની તા.૦૧-૦૭-૨૦૧૫ની તાલુકા વિકાસ અધિકારીની તાલુકા પંચાયત કચેરી, ભાવનગર ખાતે કરવામાં આવેલી જમીન પર દાનસીંગ મોરીના સગા ભાઇ હઠીસિંગ મોરીએ કરેલ દબાણની અરજીના અનુસંધાનમાં સરકારી રાહે નિયમોનુંસાર થયેલ કામગીરી, સસ્પેન્ડ થયેલ સરપંચપંદ અને સરકારના આ નિર્ણય સામે ગામબંધ, હાઇવે પર કરવામાં આવેલ ચક્કાજામ સામે પોલિસે કરેલ કેસ અને આ કેસનું કોર્ટમાં ચાલવું તથા જવાબદાર દાનસીંગ મોરી સામે પગલાં ભરવામાં આવ્યા છે. આ આખીયે ઘટનામાં ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીનો કોઇ જ સંબંધ નથી.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી જીતુભાઇ વાઘાણી સામે ગૌચરની જમીનના સંદર્ભની જે વાત ઉછાળવામાં આવે છે તેને અનેકવાર તેઓએ સત્ય હકિકત હોય તો પુરાવા રજુ કરવાની વાત કરેલ છે. ત્યારે આધારવિહિન વાતો ન કરવા અને સમાજને આવી વાતોને બળ ન આપવા પણ શ્રી આઇ.કે.જાડેજાએ અપીલ કરી છે.

ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ક્યારે અને કઇ ગૌચરની જમીનની માંગણી કરી ? કોની પાસે માંગણી કરી ? કોને ગૌચરની જમીન આપી ? ગૌચરની જમીન વેચાણ થાય ખરી ? ગૌચરની જમીન માટે કોની સાથે મુલાકાત કરી ? કયા સરપંચ સામે રજુઆત કરી ? કોની સાથે વાત કરી ? આવું કંઇ પણ હોય તો જાહેર કરવા, કાયદાકીય કાર્યવાહી કરવા સતત તેઓશ્રીએ વાત કરેલ છે. ત્યારે, રાજકીય બદઇરાદાથી પ્રેરાઇને દાનસિંગ મોરી અને કેટલાક લોકો આખા સમાજને જોતરી રહ્યા છે. જે કારડીયા રાજપુત સમાજના સૌ આગેવાનો સમજે અને સત્ય જાણવાનો આગ્રહ રાખે. શ્રી જીતુભાઇ વાઘાણી સામે કાદવ ઉછાળનાર શ્રી દાનસીંગ મોરી સામે લેવાયેલા પગલાં એ કાયદો અને વ્યવસ્થાનું પાલન કરતી પોલીસ અને પંચાયતી રાજ્ય વ્યવસ્થાના છે, તેને ખોટી રીતે રાજકીય પાર્ટીના અધ્યક્ષ સાથે જોડી ત્રણ-ચાર વર્ષ બાદ થઇ રહેલો પ્રયાસ એ રાજકીય ષડ્યંત્ર છે. કારડીયા રાજપુત સમાજ સાચી વાત જાણે અને આ માટે સરકાર અને જીતુભાઇ વાઘાણીનું મન ખુલ્લું છે તે બાબત પણ ધ્યાનમાં લઇ સમાજને પોતાના અંગત સ્વાર્થ ખાતર બદનામ કરનારા લોકોથી કિનારો કરે તે પણ તેટલું જ જરૂરી છે.

શ્રી આઇ.કે.જાડેજાએ પ્રશ્ન ઉપસ્થિત કર્યા હતા કે, કોર્ટનું જજમેન્ટ આવ્યું ત્યાર પછી આ બધા મુદ્દા કેમ ઉપસ્થિત થાય છે ? અંગત ઝગડાઓ સાથે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીને શા માટે જોડવામાં આવે છે ?

આ આખીયે ઘટના લગભગ ૩૦ મહિના પહેલાં ની છે. શ્રી જીતુભાઇ વાઘાણીનો આ આખીયે ઘટનામાં સ્નાનસૂતકનો સંબંધ નથી. પોલીસ, કોર્ટ અને આદોલનકારીઓ વચ્ચેનો કાયદો વ્યવસ્થાનો આખોયે મામલો છે. આ મામલાને લગભગ ૩૦ મહિના બાદ અત્યારે ચૂંટણીને ધ્યાનમાં લઇને કોઇ ચોકકસ હેતુઓ સાથે લાવવામાં આવી રહ્યો છે. જેને કારડીયા રાજપુત સમાજ ધ્યાનમાં લે તેવી મારી વિનંતી છે. ભાજપાના પ્રદેશ પ્રમુખ તરીકે શ્રી જીતુભાઇ વાઘાણી સર્વનો વિકાસ થાય, સર્વની પ્રગતિ થાય અને ‘‘સર્વજન હિતાય, સર્વજન સુખાય’’ ના મંત્રને લઇને જાહેર જીવનમાં કાર્યરત છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

તા.૦૬.૧૧.૨૦૧૭

# મહાવિજય અભિયાન ૧૫૦+

-------------------

## ભાજપા ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ૧૫૦ થી વધુ બેઠકો મેળવીને મહાવિજય મેળવશે

-------------------

ભાજપા ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ૧૫૦ થી વધુ બેઠકો મેળવીને મહાવિજય મેળવશે. ૨૦૧૭ ગુજરાત વિધાનસભા ચૂંટણીનો વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા કરવામાં આવેલ એનાલીસીસ નીચે મુજબ છે,

૨૦૧૨માં ભાજપા ૧૨૦ બેઠકો જીતવાના ટાર્ગેટ સાથે ચૂંટણી મેદાનમાં ઉતરી હતી અને ચૂંટણીઓના પરિણામ આવ્યા ત્યારે, જનતા જનાર્દને ભાજપા અને ૧૧૬ બેઠકો પર પોતાના આશિર્વાદ આપ્યા હતા અને ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાઇ રહી છે ત્યારે, ભાજપા ૧૨૨ બેઠકો ધરાવે છે.

**૨૦૧૨ની ચૂંટણીનો એનાલીટીકલ ડેટા**

| ભાજપાની પરિસ્થિતિ | | કોંગ્રેસની પરિસ્થિતિ | |
|---|---|---|---|
| ૧૫૦૦૦ થી વધુ સરસાઇ | ૭૫ બેઠકો | ૧૫૦૦૦ થી વધુ સરસાઇ | ૨૩ બેઠકો |
| ૧૦૦૦૦ થી ૧૫૦૦૦ સરસાઇ | ૧૧ બેઠકો | ૧૦૦૦૦ થી ૧૫૦૦૦ સરસાઇ | ૦૮ બેઠકો |
| ૧૦૦૦૦ થી ઓછી સરસાઇ | ૩૦ બેઠકો | ૧૦૦૦૦ થી ઓછી સરસાઇ | ૨૯ બેઠકો |

ભાજપાએ ૧૬ બેઠકો પર ૨ ટકા કરતા પણ ઓછા માર્જીનથી હારી હતી જ્યારે કોંગ્રેસ ૬૦ માંથી ૪૬ ટકા બેઠકો પર ૫ ટકા કરતા પણ ઓછા માર્જીનથી જીતી હતી.

આમ, ભાજપાની હાલની ૧૨૨ બેઠકો ઉપરાંત કોંગ્રેસની જે ૨૯ બેઠકો પર પાતળી સરસાઇ હતી તેના પર ભાજપા વિજય મેળવીને ૧૫૦+ ના લક્ષ્યાંકને સરળતાથી હાંસલ કરશે.

હવે ૨૦૧૪ની ચૂંટણીઓનો એનાલીટીકલ ડેટા જોઇએ તો ભાજપાને ૧૬૫ કરતા પણ વધુ બેઠકો પર સરસાઇ મળી છે. ભાજપા ૨૬ માંથી ૨૬ લોકસભાની બેઠકો જીતી હતી. હવે જો આપણે લોકસભાના ઇલેક્શનની તુલના ઉત્તરપ્રદેશના ઇલેક્શનથી કરીએ તો ઉત્તરપ્રદેશમાં ૮૦ માંથી ૭૩ લોકસભા બેઠકો પર ભાજપાનો ભગવો લહેરાયો હતો અને વિધાનસભા સીટમાં ૪૦૩ માંથી ૩૨૫ બેઠકો મેળવી હતી.

આમ, જોવા જઇએ તો ગુજરાત વિધાનસભા ૨૦૧૭માં ભાજપા ૧૮૨ માંથી ૧૫૦ થી વધુ બેઠકો નિશ્ચિત પણે મળશે.

ભાજપાની રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે કરેલ વિવિધ પ્રજાલક્ષી કાર્યોના કારણે દેશમાં અને ગુજરાતમાં ભાજપાનું સમર્થન વધ્યું છે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી સમયે માત્ર ૭ રાજ્યોમાં ભાજપાની સરકાર હતી અને અત્યારે દેશના ૧૮ રાજ્યોમાં ભાજપાની તથા ભાજપા સમર્થિત સરકારો છે. તે સિવાય ભાજપાએ સમગ્ર દેશમાં નગરપાલિકાની, જીલ્લા પંચાયતની, ગ્રામ પંચાયતની ચૂંટણીઓ હોય કે કોર્પોરેશનની ચૂંટણીઓ હોય ભાજપાના મતની ટકાવારી વધી છે. દેશમાં વોટીંગ પેટર્નમાં ખુબ મોટા પ્રમાણે ફેરફાર જોવામાં આવ્યા છે. દેશના લોકોએ વેર-ઝેરની રાજનીતિથી પોતાને દુર કરીને ભાજપાની વિકાસની રાજનીતિને અપનાવી છે. દેશ પોલિટીક્સ ઓફ પરફોર્મેન્સ તરફ આગળ વધી રહ્યો છે.

કેન્દ્ર સરકારની યોજનાઓ જેવી કે મુદ્રા બેંક યોજના, ઉજ્વ્વલા યોજના, ઉજાલા યોજના, જનધન યોજના, મેઇક ઇન ઇન્ડિયા, સ્ટેન્ડ અપ ઇન્ડિયા, સ્ટાર્ટ અપ ઇન્ડિયા, ડીઝીટલ ઇન્ડિયા જેવી વિવિધ યોજનાઓ થકી જન-જનના જીવન ધોરણમાં આમુલ પરિવર્તન ભાજપા લાવવામાં સફળ રહી છે. ગુજરાત સરકારની વાત કરીએ તો ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, મા અમૃતમ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના, નર્મદા યોજના, સૌની યોજના, રોડ-રસ્તાની સુવિધાઓ, નળ દ્વારા પીવાના પાણીની સગવડમાં વધારો, આદિવાસી વિસ્તારમાં કરેલા વિકાસના કામો, ગામડાઓનું શહેરો સાથે જોડાણ, વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓ થકી ખેડૂતોની આવકમાં વધારો, શિક્ષણ ક્ષેત્રે હરણફાળ, આરોગ્યલક્ષી સેવાઓમાં સુદ્રઢતા, ૨૪ કલાક વહેતો વિજળીનો અવિરત પ્રવાહ. આમ, જોવા જઇએ તો ભાજપા સરકારની ગરીબલક્ષી, પ્રજાલક્ષી, મહિલાલક્ષી, યુવાલક્ષી, ખેડૂતલક્ષી, આદિવાસી કલ્યાણની, શહેરોની સ્માર્ટ સીટીની યોજના, ગામડા લક્ષી યોજનાઓ થકી સમાજના તમામ વર્ગો અને ક્ષેત્રોને સ્પર્શતી યોજના ભાજપાએ એક-એક વ્યક્તિ સુધી પહોચાડી છે. ભાજપાની કલ્યાણકારી યોજનાઓને પ્રજાનું સમર્થના સાંપડ્યું છે એટલે જ ૧૫૦+નું મહાઅભિયાન જનતા-જનાર્દનના આશિર્વાદથી સફળ થશે.

**-:ભાજપા મીડિયા ગુજરાત:-**

**નોંધ: આપની નમ્ર જાણ સારૂં**